ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગુડા વાણિજ્યના ૩ અને રહેણાંકના હેતુના એક પ્લોટની જૂનમાં હરાજી કરશે

સરગાસણમાં એક અને વાવોલમાં ત્રણ પ્લોટની હરાજી કરી આવક ઉભી કરશે

આર્થિક ભીંસ અનુભવતા ગુડાના તત્રએ પ્લોટની હરાજી કરી નવી આવક ઉભી કરવા ગતિવિધિ હાથ ધરી છે જે અન્વયે ૫૨.૬૨ કરોડ જેટલી તળિયાની કિંમત ધરાવતા વાણિજ્યા હેતુના ૩ અને રહેણાંકનો ૧ મળીને ચાર પ્લોટની હરાજી પ્રક્રિયા આગામી મહિનામાં હાથ ધરાશે. આ અન્વયે સરગાસણનો એક અને વાવોલના ૩ પ્લોટની હરાજી કરવાનું આયોજન કરાયું છે.

પ્લાનિંગ સ્કીમ બનાવવા દરમિયાન મળેલી કપાતની જમીન પૈકીના ૧૩ પ્લોટ માટે ગત વર્ષથી ઓનલાઈન હરાજીના માધ્યમથી વેચાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જયારે આ અન્વયે વધુ ચાર પ્લોટની હરાજી કરવા માટે તા ૨૨મી મેથી ઓનલાઈન નોંધણી હાથ ધરાશે આ હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિ, સંસ્થા કે એકમે તેની સાથે રૂપિયા ૧૦ હજાર નોન રિફન્ડેબલ ટેન્ડર ફી ચૂકવવાની પડશે જયારે સંબંધિત પ્લોટની તળિયાની કિંમતના ૧૦ ટકા લેખે અર્નેસ્ટ મની ડિપોઝીટ પણ ગુડામાં જમા કરાવવાની રહેશે. કોઈપણ ખરીદારે એકથી વધુ પ્લોટ માટે અરજી કરવી હોય તો દરેક પ્લોટ માટે અલગથી ટેન્ડર ફી અને ઈએમડી પણ ચુકવણી કરવી પડશે

પ્લોટ હરાજી સંદર્ભે ગુડાના સૂત્રોએ જણાવ્યા મુજબ ટીપી સ્કીમ નંબર ૭ના સરગાસણ વિસ્તારમાં વાણિજ્ય હેતુ માટેના ૧,૯૭૧ ચોરસ મીટરના પ્લોટ માટે પ્રતિ મીટરનો ભાવ રૂપિયા ૮૩,૫૦૦ નિયત કરાયો છે. જેની તળિયાની કુલ કિંમત ૧૬.૪૬ કરોડ જેટલી થાય છે. જ્યારે ટીપી સ્કીમ નંબર ૧૩ના વાવોલ વિસ્તારમાં વાણિજ્ય હેતુ માટેના ૩,૧૧૨ ચોરસ મીટરના પ્લોટ માટે પ્રતિ મીટરનો ભાવ રૂપિયા ૩૫,૦૦૦ નિયત કરાયો છે. જેની તળિયાની કુલ કિંમત ૧૦.૮૯ કરોડ, વાવોલમાં જ રહેણાંક હેતુ માટેના ૪,૫૭૮ ચોરસ મીટરના પ્લોટ માટે પ્રતિ મીટરનો ભાવ રૂપિયા ૨૯,૦૦૦ નિયત કરાયો છે. જેની તળિયાની કુલ કિંમત ૧૩.૪૬ કરોડ જેટલી થાય છે. જ્યારે વાવોલમાં જ વાણિજ્ય હેતુ માટેના ૨,૯૨૫ ચોરસ મીટરના અન્ય પ્લોટ માટે પ્રતિ મીટરનો ભાવ રૂપિયા ૪૧,૦૦૦ નિયત કરાયો છે. જેની તળિયાની કુલ કિંમત ૧૧.૯૯ કરોડ થવા જાય છે

વાવોલમાં રહેણાંક અને વાણિજ્ય હેતુના ચાર પ્લોટ અને કુડાસણ વિસ્તારમાં રહેણાંક હેતુનો એક પ્લોટ સહીત પાંચ પ્લોટનું છેલ્લા એક વર્ષમાં વેચાણ કરવામાં આવ્યું છે. જેથી ગુડા ને રૂ ૭૩ કરોડની આવક થઈ છે ભૂતકાળમાં જોકે પ્રાઈમ લોકેશન પરના અને વધુ કિંમતના પ્લોટ વેચવામાં સફળતા મળી નથી જેને ધ્યાનમાં રાખી ગુડા દ્વારા હવે ઓછી કિંમતના પ્લોટ્સ હરાજીમાં મુકવાનો વિકલ્પ પસંદગી ઉતારી છે.

સતત બીજા દિવસે ગરમી યથાવત : પારો ૪૧.૫ ડિગ્રી

વાદળો વિખેરાતા ખૂબ આકરો તડકો અનુભવાયો : બફારા અને ઉકળાટથી વસાહતીઓ ત્રસ્ત બન્યા : લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિ.સે. નોંધાયુ

ગાંધીનગર, તા. ૧૯

પવનની દિશા બદલાતા ફરીથી રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. વાદળો વિખેરાતા આજે મહત્તમ તાપમાન ૪૧.૫ ડિ.સે. પર પહોંચ્યુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાતા રાત્રે ગરમી વધી હતી.

ગાંધીનગર-અમદાવાદ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પુનઃ ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. આકાશમાંથી વાદળો વિખેરાતા ખુબ આકરો તડકો પડી રહ્યો છે. આકરો તડકો પડતા દિવસ દરમ્યાન તાપમાનનો પારો સડસડાટ ઉંચે જાય છે. બપોરના સમયે તો આકરી લુ ફુંકાય છે. બપોરે એક વાગ્યા પછી તો ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બને છે. સૂર્યાસ્ત થાય ત્યાં સુધી લુની અસર રહે છે. આકરી ગરમી અને તડકાની જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. દિવસે તો એટલી બધી ગરમી અનુભવાય છે કે વસાહતીઓએ બજારોમાં જવાનુ બંધ કરી દીધુ છે. બપોરના સમયે બજારોમાં સાવ ઓછી ઘરાકી જોવા મળે છે. સાંજ પડે પછી જ બજારો અને અન્ય

● અનુસંધાન પાન-૭ પર

૨૦ થી ૨૪ મે દરમ્યાન હજુ આકરો તાપ જોવા મળશે

ગાંધીનગર, તા. ૧૯

૨૦ થી ૨૪ મે દરમ્યાન જિલ્લો વધુ એક વખત ગરમીમાં શેકાશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૧૩માં આવુ પૂર્વાનુમાન કરવામાં આવ્યુ છે. અંકમાં જણાવ્યા પ્રમાણે પાંચ દિવસ આકાશ મોટે ભાગે અંશતઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવા સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૧૫ થી ૭૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવાયુ છે કે પાકોમાં જરૂરિયાત મુજબ પિયત આપવુ. ઉનાળુ વાવેતર પાકોમાં નિંદણ અને આંતરખેડની કામગીરી કરવી. ૨૦મી સુધીના સપ્તાહમાં સરેરાશ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયુ હતુ જ્યારે સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૬.૭ ડિગ્રી સે. નોંધાયુ છે. પવનની લહેરખીઓએ લોકોને રાહત જરૂર આપી હતી. તાપમાનનો પારો જે રીતે નોંધાઈ રહ્યો છે તેથી ચોમાસુ સારૂ રહેશે તેવુ ખેડૂતોનું માનવુ છે.

ચિંતન શિબિરના પરસેપ્શન ભલે જુદા હોય પરંતુ રિઝલ્ટ મેથેમેટિક્સના દાખલા જેવું સચોટ હોય છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ૧૦મી ચિંતન શિબિરનો એકતાનગરથી પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, 'મેં નહીં હમ'ના ભાવ સાથે યોજાતી ચિંતન શિબીરો ગવર્નન્સમાં મોટા ચેન્જ લાવવાનું સક્ષમ માધ્યમ બની છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ચિંતન શિબિર માટેના પરસેપ્શન ભલે જુદા હોય પરંતુ રીઝલ્ટ મેથેમેટિક્સ-ગણિતના દાખલા જેવું એક અને સચોટ હોય છે, જેમાં સરવાળાનો જવાબ એક જ આવે છે. આવી ચિંતન શિબિરમાં આપણા સૌના મંથનની દિશા એક હોય ત્યારે 'સૌના સાથ, સૌના વિકાસ'ની ભાવના અવશ્ય ચરિતાર્થ થાય જ, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શિબિરના પ્રારંભે પ્રસ્તુત થયેલા મનુષ્ય ગૌરવ ગાન, મનુષ્ય તું બડા મહાન મહાન હૈનો ભાવ આગવી શૈલીથી વર્ણતા જણાવ્યું કે, જો માનવીમાં કંઈક કરવાનો ભાવ હોય, 'મારે પણ કઈ સારું કરવું છે' તેવી ખેવના હોય તો અવશ્ય પરિણામ મળે જ છે.

તેમણે આ અંગે રામસેતુ નિર્માણમાં નાનકડી ખિસકોલીના અને જંગલમાં લાગેલી આગ બુજાવવા ચાંચમાં પાણી લઈને જતી ચકલીના યોગદાનના ભાવનાત્મક દ્રષ્ટાંતો આપ્યા હતાં.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, વિકાસ માટેની પ્રતિબદ્ધતા, સામાન્ય માનવીના સુખ-સુવિધા માટેનો ભાવ દરેક વ્યક્તિમાં પડેલો જ હોય છે. આવી ચિંતન શિબિરની ચર્ચા-મંથન તેને બહાર લાવવાનું કામ કરે છે.

તેમણે એવી ટકોર પણ કરી કે, આવી ચર્ચાઓ વખતે મુક્ત મને વિચારની અભિવ્યક્તિ થાય તે પણ જરૂરી છે. અન્યથા યોજનાઓ, વિકાસ કામોની ફિલ્ડમાં સાર્થકતા યોગ્ય રીતે નહીં થઈ શકે.

● અનુસંધાન પાન-૭ પર

એમ.એસ. બિલ્ડીંગમાં મનપાની કચેરીના પ્રથમ મજલે પાણી ભરાતાં જનસેવા કેન્દ્રમાં પાણી ઉતર્યુ

સહયોગ સંકુલમાં પણ ગટર ઉભરાવવાની સમસ્યાએ વાહન પાર્કિંગની સમસ્યા ઉભી થઈ

ગાંધીનગર, તા. ૧૯

એમ.એસ. બિલ્ડીંગમાં ગઈકાલે શોર્ટસર્કિટની ઘટનાના અહેવાલો પછી આજે આ બિલ્ડીંગના પહેલા માળે આજે પાણી ઉભરાઈ જવા પામ્યુ હતુ એટલુ જ નહિ મનપાના જનસેવા કેન્દ્રમાં પાણીના કારણે પોપડાઓ પડ્યા હતા.

પાણીના ભરાઈ જવાને કારણે જનસેવા કેન્દ્રની બારી નં. ૧ અને ૨ પર સતત પાણી ટપકતુ રહ્યુ હતુ. પોપડા પડવાથી કોઈને ઈજા નથી થઈ પરંતુ સવારથી જ મનપાની ઈજનેરી ટીમ આ સમસ્યાને હલ કરવા માટે કામે લાગી હતી.

એમ.એસ. બિલ્ડીંગમાં કમિશનરની કચેરીમાં જ પાણીનો ભરાવો થઈ ગયો હતો. આ ઘટના છેલ્લા ત્રણેક માસમાં બીજીવાર બનવા પામી છે. અગાઉ પણ આવી ઘટના થઈ હતી. જો કે આજે પાણી લિકેજીસ થઈ અને જનસેવા કેન્દ્રમાં ઉતર્યુ હતુ. પોપડા પણ પડવા પામ્યા હતા. જનસેવા કેન્દ્રમાં આને કારણે વેરા કલેક્શનની કામગીરી મોડી શરૂ થઈ હતી. મનપાની અહિ ઝોનલ કચેરીઓ ભોંયતળિયે અને પ્રથમ મજલે તથા ચોથા મજલે શરૂ કરવામાં આવી છે. તાબડતોબ થાગડથીગડ કરી સમસ્યાનું નિરાકરણ કરાય છે પણ તેના કાયમી ઉકેલની દિશામાં નક્કર કાર્યવાહી થતી નથી. દરમ્યાન બાજુમાં નવા બનેલ સહયોગ સંકુલમાં પણ ગટર ઉભરાવવાની ઘટના કર્મચારીઓ માટે શિરદર્દ બની છે. અહિ ગટર ઉભરાવાના કારણે વાહન પાર્કિંગના પણ પ્રશ્નો થઈ રહ્યા છે.

ગુડા વિસ્તારમાં ચોમાસા પુર્વે વરસાદી લાઈન અને કેચપીટની સફાઈ કરવામાં આવશે

ગત ચોમાસામાં વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા તુટતા વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાઇ હતી

ગાંધીનગર તા ૧૯

આગામી ચોમાસાને અનુલક્ષીને નગરના સેકટરોમાં પણ પ્રિ મોન્સુન પ્લાન સંદર્ભે કામગીરી કરવામાં આવી રહી છે. જયારે ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં પણ ગત ચોમાસા દરમિયાન વિવિધ ઠેકાણે માર્ગો તુટી જતા સ્થાનિકોમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો હતો. જયારે આગામી વરસાદી દિવસો દરમિયાન પણ આ સ્થિતિ ન સર્જાય તે માટે ગુડાનુ તંત્ર અત્યારથી જ હરકતમાં આવી ગયુ છે. સ્ટોર્મ વોટર લાઈન તેમજ કેચપીટની સફાઈ કરવાની હાથ ધરવામાં આવશે. જયારે વરસાદી દિવસો દરમિયાન વાહનચાલકોને હાલાકી ન વેઠવી પડે તે માટે માર્ગોની જાળવણીના મુદ્દે પણ સંબંધિત એજન્સીને સુચના આપી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ટી પી ૪, ૬,૭ અને ટી પી ૮,૯, ૧૩ અને ૧૯ ના વિસ્તારમાં વરસાદી દિવસોમાં હાલાકીને ડામવા માટે આગોતરૂ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી વરસાદી દિવસોમાં ગત વર્ષની જેમ કાદવ કિચ્ચડ અને ભુવા અસ્તિત્વમાં ન આવે તે માટે ગુડા દ્વારા આગોતરુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ વ્યવસ્થાને અનુલક્ષી ૩ વર્ષ માટેનો જાળવણીનો કરાર કરી ચુકેલી કન્સલટન્સી કે એજન્સીને ચોમાસા પુર્વે જ જાળવણીની કામગીરી પુરી કરી દેવા માટે સુચના આપવામાં આવી છે. જેમાં વરસાદી પાણીના નિકાલની લાઈનમાં ટ્રેન્ચ બેસી જવાના કિસ્સાઓ અસ્તિત્વમાં આવે ત્યારે જોખમી સ્થિતિ સર્જાતી હોવાનુ પણ અગાઉ ધ્યાને આવ્યુ હતુ જયારે વાહન વ્યવહાર પણ ખોરવાઈ જતો હોવાના દ્રશ્યો જોવા મળે છે. ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં કેચપીટની સફાઈ કરવા તેમજ મુખ્ય

● અનુસંધાન પાન-૭ પર

માર્ગ મકાન વિભાગમાં ૩૦૦ મદદનીશ ઈજનેરો લાંબા સમયથી બઢતીથી વંચિત

એકબાજુ વિભાગ કક્ષાએ ગુણવત્તાના મામલે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે ત્યારે ખાલી જગ્યાઓ પણ ભરાતી નથી : અગાઉ ૩૦૦ કર્મચારીઓના સી આર પણ મંગાવાયા હતા : અનેકવાર રજુઆતના અંતે પણ ફાઇલ આગળ વધતી નથી

ગાંધીનગર તા ૧૯

માર્ગ મકાન વિભાગમાં છેલ્લા ત્રણ વર્ષથી કર્મચારીઓની બઢતીનો મામલો અટવાયેલો હોવાનો રોષ દિન પ્રતિદિન પ્રબળ બનતો જાય છે. કામગીરીમાં ગુણવત્તા જળવાય તે માટે પણ વિભાગ કક્ષાએથી વિશેષ સજાગતા દાખવવાનો અભિગમ અપનાવાયો છે. આવા સંજોગોમાં વિભાગમાં મેન પાવરની ઘટ નિવારવાનુ પણ અનિવાર્ય બન્યુ છે. મેન પાવરના અભાવે પણ કામગીરીની ગુણવત્તા સામે સવાલો મંડરાતા હોવાની સમસ્યા ઉદભવે છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ મકાન વિભાગના ૩૦૦ જેટલા મદદનીશ ઈજનેરોની બઢતીની ફાઈલ પણ અટવાઈ છે. અગાઉ આ અન્વયે સી આર પણ મંગાવી ફાઈલ તૈયાર કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી કાંઈ ગતિવિધિ હાથ ધરાઈ નથી જેના લીધે વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૨૦૦ થી પણ વધુ જગ્યાઓ પણ ખાલી છે. બીજીતરફ બઢતીની વાટે અકળામણ અનુભવતા કર્મચારીઓ પણ અન્યાય થઈ રહ્યો હોવાની લાગણી સાથે રોષે ભરાયા છે. ત્વરિત અસરથી નિરાકરણ આવે તેવી માંગણી પણ પ્રબળ બની છે.

માર્ગ મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની અંદાજિત ૨૦૦ થી પણ વધુ જગ્યા ખાલી તેમજ ચાર્જમાં છે. અન્ય વિભાગની જેમ બઢતી આપવામાં નિરસતા સેવાઈ રહી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે માર્ગ મકાન વિભાગમાં ફરજ બજાવતા અંદાજે ૩૦૦ જેટલા મદદનીશ ઈજનેર બઢતીની રાહે છે. આ કર્મચારીઓના સી આર મંગાવી રાખી બઢતીની ફાઈલ લાંબા સમયથી અભેરાઈએ ચઢાવી દેવામાં આવી હોવાનો ગણગણાટ પણ પ્રવર્તયો છે. મહેસુલ, સિંચાઈ તેમજ પાણી પુરવઠા બોર્ડ સહીત અન્ય વિભાગમાં ૬ થી ૧૨ મહીનાના સમયમાં બઢતીના કિસ્સાનો નિકાલ આવી જાય છે. જયારે માર્ગ મકાન વિભાગમાં આ મામલે લાંબા સમયથી નિરસતા દાખવવામાં આવતા કર્મચારીઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે. એકબાજુ કામગીરીની ગુણવત્તા મામલે પણ સરકાર સજાગ બની છે. ત્યારે આ વાત આવકારદાયક છે. માર્ગ મકાન વિભાગમાં ગુણવત્તા નિયમનના વધારાના ડિવીઝનને પણ કાર્યરત કરવામાં આવ્યુ છે. જેના લીધે આગામી દિવસોમાં કામગીરીમાં પણ ગુણવત્તાની વિશેષ દરકાર કરવામાં આવશે તેવી આશ બંધાઈ છે. પરંતુ ગુણવત્તાની ચિંતા સાથે મેનપાવરની ઘટનો પ્રશ્ન પણ હલ થાય તે અનિવાર્ય છે. વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યાઓ ખાલી છે. જયારે આ ખાલી જગ્યા પ્રમોશનથી ભરવામાં આવે તો વધુ મેન પાવરના ઉપયોગ

● અનુસંધાન પાન-૭ પર

શિક્ષક એટલે શિસ્ત, ક્ષમા અને કરુણા : મોરારીબાપુ

ગાંધીનગરની ૯૧૭ મી "માનસ -આચાર્ય"નો સાતમો દિવસ સંપન્ન



ગાંધીનગર

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને નિજાનંદ ગ્રુપ દ્વારા આયોજિત ગાંધીનગરની માનસ આચાર્ય રામકથા સાતમા દિવસે શિક્ષકની વ્યાખ્યા,કર્મનુ મહત્વ આપી અને સીતા સ્વયંવરની કથા સાથે વિરામ પામી

આજની કથામાં પ્રવેશ કરતાં પુજય મોરારીબાપુએ શિક્ષકોના કર્મ અને ધર્મ પર વાત કરતાં પ્રવેશ કર્યો.વધુમાં ઉમેર્યું કે શિક્ષકનો અર્થ તેના ત્રણ અક્ષરોમાં આ રીતે કરી શકાય શિ એટલે શિસ્ત, પોતે શિસ્તમાં રહે અને પોતાના વિદ્યાર્થીઓને વહાલથી શિસ્તમાં રાખે, ક્ષ એટલે ક્ષમા જે ક્ષમા કરી શકે છે અને માંગી શકે છે તેના જીવનમાં સમસ્યાઓ હલ થઈ જાય છે. અને ક એટલે કરુણા, તમામ લોકો માટે સદભાવ. રામકથા કાઉડ અને પ્રાઉડ માટે નથી પરંતુ તે એક સાઉન્ડ છે. કથામાં કોઈ ખાવા આવતા નથી પરંતુ કોઈ એવા પ્રસંગોમાં રોવા આવે છે.

કથાના ક્રમમાં બાપુએ વિશ્વામિત્ર ભગવાન રામ અને લક્ષ્મણજીને મિથિલામાં લઈ આવે છે અને સીતાજીનું રામની સાથે મિલન અને તે પછીના પ્રસંગોની આધ્યાત્મિક અનુભૂતિ અને વ્યાખ્યા સુંદર રીતે પ્રસ્તુત થઈ. રામ સીતાનું મિલન પુષ્પવાટિકામાં થાય છે અને તે પુષ્પવાટીકામાં રામ ગુરુપૂજા માટે અને સીતાજી ગૌરી પૂજા માટે પુષ્પો ચૂંટવા આવે છે.બંનેનો હેતુ સર્વોત્તમ છે.ધનુષ્યભંગની કથા પણ ભાવવાહી રીતે સૌને સ્પર્શી ગઈ.મોરારિબાપુએ શિક્ષક સંઘના કાર્યાલય ચાણક્ય ભવનમાં નિર્મિત પુસ્તકાલયના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજર રહેવાની વિનંતી સ્વીકારી હતી.

આજની કથામાં વાળીનાથના મહંત શ્રી જયરામગીરીથી અને પૂર્વ ગ્રહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રસંગિક ઉદબોધન કર્યું હતું.માજી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રુપાણી,જગન્નાથ મંદિર અમદાવાદના મંહતશ્રી દિલીપદાસજી મહારાજ તથા માજી ધારાસભ્ય અમરીશ ડેર વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

ભાવભીની અંજલિ

સ્વ. રિતેશભાઈ શંકરભાઈ પરમાર
સ્વ. તા. ૨૦-૫-૨૦૧૯

આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પુકારે છે તમને,
સ્મરણ તમારું થાય છે જ્યારે, મન મૂકીને રડાવે છે અમને.
ચોથી પુણ્યતિથિએ પાવન સ્મરણ સાથે
ભાવભીની અંજલિ આપીએ છીએ...

લિ.
નયના રિતેશ પરમાર (પત્ની)
પ્રિયાંશી આર. પરમાર (પુત્રી)
તથા સમગ્ર પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com